ગોટાળો @ ગાંધીનગર.કોમ

ગાંધીનગરનું નવેસરથી નામકરણ કરવામાં આવે તો ?

આપણાં નગરનું નામકરણ પરમપુજય મહાત્મા ગાંધીજીને કેન્દ્રમાં રાખીને ગાંધીનગર પાડવામાં આવ્યું છે. આપણું શહેર પણ ગાંધીજીના તત્વ બોધને આધારે જ વરતી રઝું છે. તેમના આદર્શો અને કાર્યો મુજબ આપણે સૌ આગળ વધવાનો -યત્ન કરીએ છીએ.(મને તો એવુ લાગે જ છે. બાકી તમે મનમાં કેમ હસો છો એ મને ખબર છે...) પરંતુ જો આપણા શહેરના મીજાજ અને ટેવ કે ફુટેવને આધારે જો નવેસરથી નામકરણ કરવામાં આવે તો... આપણા બંધુ ગંભીરે નવા નામો અને તેના કારણો વિચારી રાખ્યા છે. જોજો ગંભીરને ફોઈ બા કહેવાની ભૂલ ના કરતાં...

મંડળનગર: શહેરમાં દરેક સેક્ટર, દરેક સોસાયટી અને દરેક ગલીમાં એક મંડળ ચાલે છે. સમાજનું મંડળ, કર્મચારીઓનું મંડળ, બાળકોનું મંડળ, મહિલાઓનું મંડળ, દુકાનદાર-વેપારીઓનું મંડળ, યુવાનોનું મંડળ, પેન્શનરોનું મંડળ અને અધુરામાં પુરૂ શ્રમિકોનું પણ મંડળ ચાલે છે. જયાં જોઈએ ત્યાં મંડળે મંડળો ફુટી નીકળ્યા છે. ના હોય તેની -વૃત્તિ કરીને ચર્ચાનો વિષય બનવા -યત્ન કરી રઝા છે. તો તેમની ઈચ્છાને માન આપીને આપણા શહેરનું નામ મંડળનગર કેવુ બંધબેસતુ લાગે છે.

સરકારી પુરા: ફ્તેપુરા હોય, ચમનપુરા, બાપુપુરા હોય, જમીયત પુરા હોય તો સરકારી પુરા કેમ ના હોય? આપણું શહેર સરકારી કર્મચારીઓથી ખદબદતુ છે જ. લોકો અને તેમની દીનચર્યા સંપૂર્ણ સરકારી છે. આખા રાજયનો વહીવટ અહીથી થાય છે. ગુજરાત સરકાર પણ અહી જ બેસે છે. તો પછી પાડી દો ને આપણા શહેરનું નામ સરકારી પુરા...

કંજુસાબાદ: આપણા નગરના લોકો(મારા સહિત) એટલા બધા કંજૂસ થઈ ગયા છે કે ખુદ ભગવાન પણ તેની નોંધ લે છે. મંદીરમાં દર્શન કરવા જોય અને કોઈકની હોલવાયેલી અગરબત્તી પડી હોય તે તેને -ગટાવીને ભગવાનની સ્તુતી કરશે. ક્યારેય -સાદ નહી ચડાવવાનો પણ ચડાવેલો -સાદ પડીકામાં બાંધીને ઘરે તો લઈ જ જવાનો... પાંચ રૂપિયાની કોથમીર માટે આ ગાંધીનગરા શાકભાજીવાળાને પરસેવો લેવડાવી દે છે. તો પછી કંજુસાબાદ કેવું રહેશે?

સર્કલ સ્ટ્રીટ: ગાંધીનગર અને સર્કલ.. એક સિક્કાની બે બાજુ જેવા છે. શહેરમાં આવતાં અને શહેરમાં વસતા લોકો જો સર્કલને ભૂલી જાય તો શહેરમાં તેમના માટે કંઈ જ બચતુ નથી. દરેક રોડ પર સરકારે સર્કલો બનાવ્યા છે. થોડા સમય પહેલા આ સર્કલોનું પણ નામકરણ કરવામાં આવ્યું છે. ક થી લઈને જ સુધીના રોડ અને આ રોડ પર આવતા સર્કલો એટલે ગાંધીનગરની ભૂગોળ. એટલે સર્કલો પરથી જ આ શહેર ઓળખાય છે અને આ ઓળખને આંતરરાષ્ટ્રીય બનાવવા સર્કલ સ્ટ્રીટ એકદમ પરફેક્ટ નામ છે.

ભ્રષ્ટન: જેમ બ્રીસ્ટન છે, જેમ કીગસ્ટન છે તેમ ભ્રષ્ટન... અરે આપણા શહેરમાં રાજયનો સૌથી મોટો ભ્રષ્ટાચાર થાય છે. ભ્રષ્ટાચારના દેવી દેવતાઓ અહી જ વસે છે. તેમનું કાર્યક્ષેત્ર પણ આ જ છે. નાનામાં નાની વસ્તુથી લઈને મોટામાં મોટી વસ્તુ પર કટકી અહીથી કરવામાં આવે છે. આ લોકોની સૂચનાથી જ બીજા જિલ્લામાં ભ્રષ્ટાચાર થાય છે અને તેનો હઝો અહી પહોંચે છે. બીજા બધા નામો કરતાં ભ્રષ્ટન એકદમ સ્યુટેબલ નામ છે. અને તમારા બધાની જાણ ખાતર એમાં જરા પણ ભ્રષ્ટાચાર નથી...

ગાર્ડન હીલ: અહી દરેક સેક્ટરમાં અને સોસાયટીઓમાં ગાર્ડન છે, લીલોતરી છે. ઝાડ-છોડ છે. કુદરતના દરેક રંગો અહી જોવા મળે છે. એટલે શહેરમાં ગાર્ડન અને તેના ઘાસનું ખુબ જ મહત્વ છે. લોકો સવારે ઉઠીને તેમની ચરબીને ઓગાળવા આ ગાર્ડનનો સહારો લે છે. તેની સાથે સાથે ગાર્ડનમાં ઉંચી ઉંચી હીલ પહેરીને આવતી મહિલાઓ અને યુવતીઓની હીલનું પણ મહત્વ છે. બજારમાં આવેલી ઉંચામાં ઉંચી હીલ પહેરીને બગીચામાં ફરવા આવવાનો ટ્રેન્ડ વધી ગયો છે. એટલે ગાર્ડન હીલ નામ પણ એકદમ ફેન્ટાસ્ટીક બની રહેશે.

શાંત સિટી: આપણું શહેર શાંતિન્યિ લોકોનું છે. આખો દિવસ માત્ર સવારના ૧૦.૩૦ અને સાંજના ૬.૧૦ના સમયને બાદ કરતાં શાંતિ નું સામ્રાજય રહે છે. રાત્રી પડતાની સાથે જ આખુ શહેર જાણે નિંદ્રામાં પોઢી ગયુ હોય તેમ પીનડ્રોપ સાયલન્સ થઈ જાય છે. અહીના લોકો પણ શાંત છે. જો કોઈ એક ગાળ દે તો ગાંધીનગરા શાંત મને સાંભળીને ત્યાથી ચાલ્યા જાય છે. એટલામાટે આ શહેરનું નવુ નામ શાંત સિટી હોવુ જરૂરી બને છે.

દલાલમ્પુર: ગાંધીનગરમાં હવે દલાલોની સંખ્યાં વધી ગઈ છે. જમીન-મકાન થી માંડીને લગ્ન કરાવી આપનાર દલાલો અહી ઉપલબ્ધ છે. સર્કલે સર્કલે દલાલોની દેરીઓ થઈ ગઈ છે. શહેરમાં ઉપલબ્ધ દરેક વસ્તુ ઝડપથી પહોચાડી આપવામાં આ દલાલો માહેર છે. જો દલાલ્મુર નામ પાડવામાં આવે તો....

-દર્શના

www.gotadogandhinagarno.blogspot.com

મેટ્રો રેલ માટેનો ટ્રાફિક સ્ટડી કરાયો

મેટ્રો રેલ જે વિસ્તારોમાંથી પસાર થવાની છે વિસ્તારોના અધિકારીઓએ ટ્રાફિક સંદર્ભે અભ્યાસ કર્યો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે દોડનારી મેટ્રો ટ્રેનને કયા વિસ્તારમાંથી કેટલા ટ્રાફિક એટલે કે મુસાફરો મળશે તે માટેનો સર્વે ઉચ્ચ અધિકારીઓની ટીમે અમદાવાદ-ગાંધીનગર શહેરમાં ફરીને કર્યો હતો.

મેટ્રો રેલ પ્રોજેકટમાં ઝડપ આવી છે. ત્યારે તેના વિવિધ તબક્કાઓનો અભ્યાસ પણ ઝડપી બન્યો છે. મુસાફરોની સંખ્યાના આધારે કયો રૂટ ફાઈનલ કરવો અને કયારે મેટ્રો રેલનું સંચાલન કરવું, જેવા વિવિધ પાસાઓને અભ્યાસમાં સાંકળી લેવાયા છે. સૂત્રોમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર અધિકારીઓની એક ટીમે મેટ્રો રેલ પ્રોજેકટના સુચિત રૂટનો અભ્યાસ કર્યો હતો. અધિકારીઓએ વાસણાના એપીએમસી માર્કેટથી તેની સફર શરૂ કરી હતી. તેઓ આશ્રમ રોડ, અમદાવાદ, એરપોર્ટ અને ગાંધીનગરના ગીફટ સીટી સુધી પહોચ્યા હતા. અને વિવિધ પાસાઓ અંગે ચર્ચાઓ કરી હતી. બીજા તબક્કાના રૂટ એવા કાલુપુરથી થલતેજ સુધીના માર્ગની મુલાકાત પણ આ ટીમે લીધી હતી. સવારે સાત વાગે ટીમે સૂચિત રૂટની સફર શરૂ કરી હતી અને તે સમયે બસ સ્ટેન્ડો પર વિદ્યાથીઓ અને મુસાફરોની સંખ્યા કેટલી છે તેની નોંધ કરવાનું શરૂ કર્યું હતું. જો કે હાલમાં મોટાભાગની શાળાઓ અને કોલેજો બંધ હોવાથી વિદ્યાથીઓના ટ્રાફિક અંગેની ચોક્કસ માહિતી આ ટીમને મળી શકી ન હતી. અગાઉ આ પ્રકારનો ટ્રાફિક સર્વે ખાનગી કંપની પાસે કરાવાયો હતો. તેમણે આપેલી વિગતોની ખરાઈ ચકાસવા અધિકારીઓએ આ પ્રેકટીકલ અભ્યાસ કર્યો હતો. જો કે કયા સ્થળે અન્ડર ગ્રાઉન્ડ પેસેજ હશે અને કયા પુલ પર એટલે કે એલીવેટેડ કોરીડોર બનાવવો તેનો નિર્ણય નિષ્ણાંતોની ટીમ લઈ શકી નથી. વાસણાથી કોબા થઈ ગીફટ સીટી સુધીનો રૂટ પ્રથમ તબક્કામાં શરૂ કરવાનો નિર્ણય લેવાઈ ચૂક્યો છે. પ્રથમ તબક્કાના ૩૨.૬૫ કિ.મી.ના મેટ્રો ટ્રેનના રૂટમાં દર દોઢ કિલોમીટરે એક સ્ટેશન હશે અને દરેક મુસાફરોને તનો લાભ મળે તેવા પ્રયત્નો કરાશે.

કચેરીઓમાં ટેલીફોન બીલના ખર્ચ ઘટાડવા માટે વિભાગોને કરાયેલી કડક તાકીદ

ગાંધીનગર, તા. ૨૦

સચિવાલયના વિભાગો અને બોર્ડ-નિગમો અને ખાતાના વડાઓની કચેરીઓમાં પૂરા પાડવામાં આવેલ એસ.ટી.ડી. ફોનના ખર્ચ પર નિયંત્રણ લાવવા માટે તમામ વિભાગોને કડક તાકીદ કરવામાંઆવી છે.

સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ દ્વારા સચિવાલય ઈન્ટીગ્રેટેડ કોમ્યુનિકેશન નેટવર્કના માધ્યમથી રાજ્ય સરકારની ગાંધીનગર ખાતેની ખાતાના વડાઓની કચેરીઓ બોર્ડ કોર્પોરેશન એજન્સીઓ તથા સચિવાલયના તમામ વિભાગોને ટેલીફોન સેવાઓ પુરી પાડવામાં આવે છે.

ગાંધીનગરની કચેરીઓમાં ૨૦૦૦થી ૨૫૦૦ જેટલા ટેલીફોન જોડાણ હતા અને માત્ર ૧૦ થી ૧૫ ટકા કચેરી અધિકારીઓ શાખાઓનેજ એસ.ટી.ડી. જોડાણો અપાયા હતા તે સમયે નવા જોડાણ મંજુર કરવા તથા એસટીડીની સેવાઓ મળે તેવી બાબતોમાં ખર્ચ નિયંત્રણ રાખવા સામાન્ય વહીવટ વિભાગ અને નાણા સલાહકારની મંજુરીનું ધોરણ હતું. પરંતુ હાલના સંજોગોમાં આ સમગ્રા વહીવટી કામગીરી પણ સીધી સાયન્સ અને ટેકનોલોજી વિભાગમાં આવી ગઈ છે. જેથી નવા ટેલીફોન જોડાણ આપવા ૦ ડાયલની સગવડ આપવી એસટીડીની સગવડ આપવી તે કોઈ પણ બાબતમાં સચિવાલયના વહીવટી વિભાગનો કોઈ અંકુશ કે સુપરવિઝન નથી.

હાલમાં આ નેટવર્કમાં આશરે ૭૫૦૦ થી પણ વધુ જોડાણો કાર્યરત છે. અને જેમાં કેટલાક જોડાણો આંતરિક ફોન સુવિધામાં વપરાય છે. જયારે કેટલાક જોડાણો કે જેમાં ૦ ડાયલ અને એસટીડી સુવિધા છે તેના વપરાશથી સરકાર ઉપર બિલનું ભારણ પડે છે અને આ સુવિધાઓ આપવા કે આઉટગોઈંગ કોલ કરવામાં કોઈ નિયંત્રણ નથી.

સચિવાલયના વિભાગો અને તેની હસ્તકની કચેરીઓમાં પુરા પાડવામાં આવેલ ટેલીફોનના બીલો અંગેની સમીક્ષા કરવામાં આવતા એવું ધ્યાન પર આવવા પામ્યું હતું કે રાજય સરકારના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ અને વન અને પર્યાવરણ વિભાગ સિવાય અન્ય એક પણ વિભાગો દ્વારા સાયન્સ અને ટેકનોલોજી વિભાગના ઠરાવમાં કરાયેલી જોગવાઈ મુજબ કચેરીઓના ટેલીફોન બીલો અંગે સમીક્ષા જ કરવામાં આવી નથી. જેના કારણે ટેલીફોન ખર્ચમાં વખતોવખત ઘણો વધારો થતો જતો હોવાનું સરકારના ધ્યાન પર આવવા પામ્યું છે.

ગાંધીનગરાઓ ઉનાળામાં દોઢ કરોડનો આઈસક્રીમ પેટમાં પધરાવે છે

ગાંધીનગર, તા. ૧૯

ઉનાળાની કાળઝાળ ગરમીમાં પેટ અને હૈયા બંનેને

અજબની ઠંડક પહોંચાડનાર આઈસ્ક્રીમ પાછળ ગાંધીનગરાઓ ઘેલાઓ છે. શહેરના આઈસ્ક્રીમ પાર્લરો પર મોડી રાત સુધી ભીડ જમાવનારા ગાંધીનગરાઓ ઉનાળાના ચાર મહિના દરમ્યાન લગભગ દોઢ કરોડનો આઈસ્ક્રીમ ઓહીયા કરી જાય છે.

ગરમીએ માઝા મુકી છે. મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીને પાર કરી ગયો છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં શીતળતા મેળવવા માટે આઈસ્ક્રીમ, ઠંડાપીણા, બરફગોળા, શેરડીનો રસ, કેરીનો રસ-શીખંડ વગેરેનો ઉપાડ સૌથી વધુ રહે છે. શીયાળા અને ચોમાસાની ઋતુમાં સાવ ખાલીખમ રહેતા આઈસક્રીમ પાર્લરો પર ઉનાળા દરમ્યાન ભારે ભીડ જામે છે. આઈસક્રીમ પાર્લરો પર બેસવાની જગ્યા મળતી નથી. આખો દિવસ તો આઈસક્રીમ વેચાય જ છે પરંતુ સાંજથી છેક મોડી રાત સુધી તો જાણે તડાકો જ પડે છે. વિવિધ કંપનીઓ અને લૂઝ આઈસ્ક્રીમ વેચતા પાર્લરો પાસેથી મળેલા આંકડાઓ દરમ્યાન ઉનાળાના ચાર મહિના એટલે કે માર્ચથી જૂન સુધી ગાંધીનગરાઓ દોઢ કરોડથી વધુનો આઈસ્ક્રીમ ખાઈ જાય છે.

શહેરમાં અમૂલ, વાડીલાલ, હેવમોર ઉપરાંત ક્વોલીટી વોલ્સનો આઈસક્રીમ ઠેર ઠેર મળે છે. આ ઉપરાંત ડેરીઓ અને પાર્લરો દ્વારા બનાવાતા લૂઝ આઈસ્ક્રીમનું વેચાણ પણ ખુબ થાય છે. ઉનાળામાં લગ્નો પણ ખુબ થાય છે. જેમાં કેરીના રસ પછી આઈસક્રીમનો વપરાશ પણ જમણવારમાં કે મહેમાનોની આગતા-સ્વાગતામાં ખુલ્લા દિલે કરાય છે. લૂઝ આઈસ્ક્રીમ વેચતા પાર્લરોને ઉનાળામાં લગ્ન જેવા પ્રસંગના ઓર્ડરો મોટી સંખ્યામાં મળી રહે છે. બ્રાન્ડેડ આઈસક્રીમની કંપનીઓ ઉનાળાની ઘરાકીને ધ્યાનમાં રાખીને જ આ સમય દરમ્યાન નવી

ઉનાળાના ચાર મહિનામાં બ્રાન્ડેડ અને અનબ્રાન્ડેડ આઈસ્ક્રીમની ડીમાન્ડ ખુબ વધી જાય છે



વિવિધ પ્રકારની ફ્લેવર્સ ઈન્ટ્રોડ્યુસ કરે છે. જેનો ઉપાડ ચપોચપ થાય છે. હવે તો ઘ-૪ના બગીચાઓની આસપાસ ઉનાળા દરમ્યાન ઉભી રહેતી મારૂતી વાનમાં પણ બ્રાન્ડેડ આઈસક્રીમ મળી રહે છે. ગાંધીનગરમાં ઉનાળાના ચાર મહિના દરમ્યાન જેટલો આઈસક્રીમ ખવાય છે તેટલો આઈસક્રીમ બાકીના આઠ મહિના દરમ્યાન વપરાય છે.

નિખાલસ વ્યકિતત્વ ધરાવતા કવિતા કૃષ્ણમૂર્તિને સંગીતથી વિશેષ કાંઈ ન ખપે

સંગીતને કોઈ ભાષા કે બાઉન્ડ્રી નથી આ ક્ષેત્રમાં લાવવા બદલ ઈશ્વરનો આભાર માનું છું : કવિતા કૃષ્ણમૂર્તિ

બાળકો માટે બેક ગ્રાઉન્ડમાં શ્લોક અને કલાસિકલ મ્યુઝિક ગુંજતું રાખવા અનુરોધ : શાસ્ત્રીય સંગીતનું જ્ઞાન ધરાવતા કલાકાર વિશ્વના કોઈ પણ સ્ટેજ પર ઉભો રહી શકે

ગાંધીનગર, તા.૨૦

સંગીતને કોઈ ભાષા કે બાઉન્ડ્રી નથી... મારા જીવનમાં સંગીતથી વિશેષ કાંઈ પણ નથી...માટે જ છું. ઉપરવાળાની આભારી છું કે મને આ ક્ષેત્રે કામ કરવાની તક મળી દેશના મશહૂર ગાયિકા કવિતા કૃષ્ણમૂર્તિએ આજે ખૂબ જ સહજતાપૂર્વકની વાતચીતમાં જણાવ્યું હતું કે આજના સંગીતમાં વેસ્ટર્ન અને અલગ પ્રાંતનો રંગ જોવા મળે છે ત્યારે ભારતીય હોવાના નાતે દરેક વ્યકિતએ બાળકોમાં શાસ્ત્રીય સંગીતના રાગોની ધીમે ધીમે સમજ કેળવાય તે માટે ઘરમાં બેક ગ્રાઉન્ડમાં શ્લોક અને કલાસિકલ મ્યુઝિક ગુંજતું રાખવાનો વિચાર વ્યકત કર્યો હતો.

ફિલ્મી ગીત-સંગીત ક્ષેત્રે છેલ્લા ૪૦ વર્ષથી પોતાના સૂરીલા અવાજ થકી 'કલાસીકલ બેઈઝડ સિંગર' તરીકે ખ્યાતી પામનાર મશહૂર ગાયિકા કવિતા કૃષ્ણમૂર્તિ કલ્ચરલ ફોરમ આયોજિત ગ્રીષ્મોત્સવમાં પોતાની આગવી ગાયિકી રજૂ કરવા ગાંધીનગરના મહેમાન બન્યા હતા. વર્ષ ૧૯૭૯-૮૦થી ફિલ્મ 'પ્યાર ઝૂકતા નહીં'મા લક્ષ્મીકાંત પ્યારેલાલના સંગીતમાં 'તુમસે મિલકર ના જાને કયું' ગીતથી ફિલ્મી પડદે અવાજનો જાદુ પાથરવા કવિતાજીએ વર્ષ ૧૯૯૫ થી ૯૭માં હેટ્રીક ફિલ્મફેર એવોર્ડ મેળવી 'આવાજ કી દુનિયામાં' આગવું સ્થાન પ્રાપ્ત કરી લીધું હતું. પોતાને ફિલ્મ સંગીત ક્ષેત્રે કઈ રીતે તક મળી તે અંગે તેમણે જણાવ્યું હતું કે જાણીતા ગાયક હેમંતકુમારની પુત્રી અને તેઓ ઝેવિયર્સ સ્ટુડન્ટ તરીકે મહારાષ્ટ્રમાં કલાસમેટ હતાં ત્યારે સ્ટેજ પર જવાની તક મળી અને ત્યાર પછી ધીમે ધીમે સ્વર્ગસ્થ પંચમદાના સહારે આગળ વધતા લતાજી ન આવ્યા હોય તેવા કિસ્સામાં ગીતો ડબીંગ કરવાની તક મળી અને ત્યાર પછી હવા હવાઈ, ૧૯૪૨ અ-લવ સ્ટોરી અને છેલ્લે રોકસ્ટાર સુધી સંગીતપ્રેમીઓએ તેમના સુરીલા કંઠે ગવાયેલી ગાયિકીને જી-જાનથી માણવાનો આનંદ મેળવ્યો. તેમણે આજે વધતા જતા રીયાલીટી શોઝના ટ્રેન્ડ સંદર્ભે જણાવ્યું હતું કે આ સિંગરને તક આપવાનું એક કેન્દ્ર છે. પરંતુ આજના સંગીતમાં વેસ્ટર્ન અને અલગ પ્રાંતનો રંગ ભળ્યો છે. આમ છતાં સમય સાથે ચાલવું પડે છે. આવા સંજોગોમાં કોઈ પણ સિંગર રૂટ ન ભૂલવો જોઈએ કારણ કે શાસ્ત્રીય સંગીતના માધ્યમથી વિશ્વના કોઈ પણ સ્ટેજ પર કલાકાર સરળતાથી ઉભો રહી શકે છે. હાલ પણ કોઈ પણ આર્ટીસ્ટની ફિલ્મમાં પડેચાન ન થાય ત્યાં સુધી તે સારા સિંગર તરીકે ઉભરી આવતા નથી. તે બાબતનો થોડો અફસોસ પણ તેમણે સાહજિક રીતે વ્યકત કર્યો હતો. જયારે ગુજરાત શાસ્ત્રીય સંગીત અને ફોક મ્યુઝિક ભૂલ્યું નથી તે વાતની તેમમે ખુશી વ્યકત કરી હતી. આગામી ડિસેમ્બરમાં તેમનું એક આલ્બમ પણ રજૂ થનાર છે. ગ્રીષ્મોત્સવના કાર્યક્રમમાં પોતાની આગવી ગાયિકીથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. આ દરમિયાન તેમણે ગુજરાતી ગીતોની સંગત પણ નિભાવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત ઈન્ડિયન આઈડલ ટી.વી. શોના રનર્સ અપ વિશાલ કોઠારીએ પણ સૂરીલા કંઠે ગાયિકીમાં સાથ આપ્યો હતો.

ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ પદ્મશ્રી ભોળાભાઈ પટેલનું અવસાન

ગાંધીનગર, તા.૨૦

ગુજરાતી સાહિત્યના જાણીતા સાહિત્યકાર અને ગુજરાતી સાહિત્ય

પરિષદના અધ્યક્ષ પદ્મશ્રી ભોળાભાઈ પટેલનું આજે અમદાવાદ ખાતે દુઃખદ અવસાન થયું હતું. ગુજરાતી ભાષામાં ઉંચું યોગદાન આપનાર પ્રવાસ નિબંધ દ્વારા એક નવી ઓળખ ઉભી કરનાર ભોળાભાઈ પટેલનું ઉત્તર ગુજરાતના શિક્ષણ વિકાસમાં પણ મહત્વનું યોગદાન રહ્યું છે. કડી સર્વ વિશ્વ વિદ્યાલય કડી અને ગાંધીનગર સંકુલના તેઓ પ્રેસીડેન્ટ હતાં. ગાંધીનગર કડી કેળવણી મંડળની શૈક્ષણિક સંસ્થાઓમાં સતત સક્રિય રહેતા ભોળાભાઈના અવસાનથી ગુજરાતના સાહિત્ય જગતને અને શૈક્ષણિક જગતને મોટી ખોટ પડી છે. આજે સદ્‌ગતની અંતિમ ક્રિયામાં સાહિત્યકારો, કેળવણીકારો, ઉત્તર ગુજરાતના પાટીદાર સમાજના આગેવાનો તથા પ્રકાશકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

ખૂણે ખાંચરેથી

● કલ્ચરલ ફોરમ આયોજિત ગ્રીષ્મોત્સવમાં ગઈકાલે વિકલાંગ કલાકારો દ્વારા રજુ થયેલા સાંસ્કૃતિક કાર્યક્રમથી પ્રભાવિત થઈ ઈન્ફોસીટીના ચેરમેન શ્રી હિતેન બારોટ તેમજ હાઈકોર્ટના નામદાર ન્યાયમૂર્તિશ્રી બુચ દ્વારા ખાસ પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા અને સન્માનિત કરાયા હતા.

● સે. ૧માં આવેલ સમદર્શન ખાતે આજથી નેચરોપેથીનો કેમ્પ શરૂ થઈ રહ્યો છે. ● પથિકાશ્રમ એસ.ટી. ડેપોના ગ્રામ્ય વિસ્તારના બસ સ્ટેન્ડ પાસેથી એક પાકિટમાર રંગેહાથ ઝડપાઈ ગયો હતો.

ટચુકડી જાહેર ખબર
દર ગુરૂવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com